HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઈમ્સ ઓફ ખત્રી

# Times of Khatri

માસિક

હાલાઈ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૮ અંક-૯ સળંગ અંક-૮૯ માહે-રબીઉલ અવ્વલ હિજરી-૧૪૪૬ સપ્ટેમ્બર-૨૦૨૪
તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## આપણે જ માતૃભાષાને ગરીબોની ભાષા બનાવી છે!

સાભારઃ જન્મભૂમિ દૈનિક

અંગ્રેજી માધ્યમ, વાલીઓ, વાસ્તવદર્શન અને હૈયાવરાળ!

વિવિધ વાલીસભાઓ-કાર્યક્રમો-આયોજન-વર્ગો-શાળાઓમાં વાલીઓ સાથે સતત ચર્ચામાંથી પ્રકટેલા તારણો કેવા છે? આવો જાણીએ, અંગ્રેજી માધ્યમની કેફિયત, એમના જ વાલીઓના અનુભવો-બળાપા પરથી.

સમાજમાં ઘણી બધી ખોટી પ્રથાઓ, માન્યતાઓ, દેખાદેખી દ્વારા થતા વર્તન, વ્યવહારિકતા, રીતભાત વગેરે પ્રચલિત હોય છે, પણ તે બાબતોનો વિરોધ કરીને સાચી બાબતને સાથ આપવાની હિંમત મહત્વની છે. જેનો અભાવ આજના સમાજમાં કહેવાતા જાગ્રત લોકોમાં, ભણેલાગણેલા આધુનિક વાલીઓમાં સ્પષ્ટપણે જોવા મળે છે.

આપણે જાણતા જ હોઈએ છીએ કે માતૃભાષામાં ભણતરનું ખૂબ મહત્વ છે, તેના ફાયદા કેટલા બધા છે વગેરે, પણ લોકોના ગળે આ વાત ઉતારવી ખૂબ જ અઘરી છે. લોકો સમજે છે પણ સ્વીકારતા નથી. ઘણી વાર જ્યારે તેનું મહત્વ સમજાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. ધોબીના કૂતરા જેવા હાલ થઈ ગયા હોય છે. તે સમયે ગાલે તમાચો મારીને ગાલ લાલ અને મોઢું હસતું રાખ્યા સિવાય કોઈ વિકલ્પ હોતો નથી. ગુજરાતના એક અગ્રણી અખબારના તંત્રી-વરીષ્ઠ પત્રકારે જાહેર કાર્યક્રમમાં લોકો વચ્ચે આ વાત સ્વીકારી છે કે એમને દીકરાના અંગ્રેજી માધ્યમમાં ભણાવવા મૂકતા તો મૂકી દીધો હતો પણ પાછળથી બહુ પસ્તાવો થયો છે. ઘણાં ખરાબ પરિણામો ભોગવવા પડ્યા છે અને બાળકોને માતૃભાષાના માધ્યમમાં જ ભણાવવા વિનંતી કરી છે.

હાલના સમયમાં વેકેશનમાં ઘણાં પરાઓમાં માતૃભાષા શીખવવાના વર્ગો ચાલી રહ્યા છે અને એને સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે. ખૂબ જ ખુશીની વાત છે કે વાલીઓ સજાગ થયા છે. ના, એના કરતાં એમ કહીએ કે વાલીઓ બાળકોના ભવિષ્ય માટે, તેમની ઉન્નતિ માટે અને તેમની પ્રગતિ માટે સજાગ તો હતા જ, એટલે જ અંગ્રેજી માધ્યમમાં મૂકયા. પોતાની આસપાસના વાતાવરણ સાથે તાલબધ્ધ થવા, કશે નીચા જોવા જેવું ન થાય એટલા માટે, આર્થિક રીતે સધ્ધર છીએ તેનો સમાજમાં પરિચય કરાવવા માટે અથવા તો અંગ્રેજી જ્ઞાનના અભાવને કારણે પોતાનામાં જે ઉણપ રહી ગઈ છે તે પૂરી કરવા માટે. આ બધાની સાથે બાળકોને માતૃભાષાથી વંચિત કરી નાખ્યા છે તેનું દુઃખ તો છે જ. એટલે જ હાલના વાલીઓ બાળકોને માતૃભાષા શીખવવા વર્ગની શોધખોળ કરે છે. એટલું જ નહિ એવા વર્ગોમાં બાળકોને માતૃભાષા શીખવવા માટે મૂકે છે. ફક્ત એક જ આત્મસંતોષ માટે કે મારા બાળકને માતૃભાષા લખતા-વાંચતા આવડે છે.

આમાં ઘણા વાલીઓ પોતે જ ગુજરાતી માતૃભાષાના માધ્યમમાં ભણ્યા હોય છે. છતાં પરિવારના દબાણ હેઠળ બાળકને અંગ્રેજી માધ્યમમાં મૂકવાનો અને છતાં પણ અંગ્રેજી ન આવડવાનો સંતોષ કરતા હોય છે.

એક બહેને વાલીસભામાં તો એમ કહ્યું હતું કે અમારા બાળકને માતૃભાષામાં જ ભણાવવો હતો પરંતુ અમારા સમાજમાં જો ખબર પડે, એવી વાત થાય, કે તેમની પરિસ્થિતિ સારી નથી એટલે બાળકને અંગ્રેજી શાળામાં ન મૂક્યું, તો સમાજમાં બીજા લોકો શું વિચારશે? એટલા ડર માત્રથી બાળકોને અંગ્રેજીમાં મૂકયા. આના પરથી નિષ્કર્ષ એવું પણ મળે છે કે અમે સાધનસંપન્ન છીએ તેવું પૂરવાર કરવાય આપણામાંથી કેટલાક લોકો બાળકોના બાળપણનો ભોગ લે છે. આપણે માતૃભાષાને ફક્ત ગરીબીની ભાષા બનાવી દીધી છે. આનાથી મોટી માનસિક દરિદ્રતા શું હોઈ શકે?

વાલીસભામાં આવેલા વાલીઓને પોતાના વિસ્તારમાં માતૃભાષાઓની શાળાઓ ખૂબ જ સારી રીતે ચાલી રહી છે, શાળા સાધનસંપન્ન-સુસજ્જિત છે, વગેરેની જાણ પણ ન હતી. આપણે ફક્ત ચાર મીંડા અને પાંચ મીંડા વાળી ફી હોય તેવી જ શાળાઓની માહિતી ભેગી કરવામાં સાચું જ્ઞાન, સાચી કેળવણી, સરળ ભણતર આપતી આપણી માતૃભાષાની

અનુસંધાન પાના નં. ૬ ઉપર

+91 9820223138
Asif Khatri
Managing Director
Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)
179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# ગુસ્સો/ગુનાહથી બચો

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી "નૂરી", દુબઈ

ઈન્સાનની બેચેની, ગભરાહટ, અસંતુષ્ટતા, બેકારીભર્યા જીવન પર એક આછેરી નઝર નાખીએ તો બહુધા લોકો આમાં તડપતા જોવા મળશે. આના ઘણાં કારણો હોઈ શકે, પણ મારા મતાનુસાર મુખ્ય બે કારણો જોવા મળશે તે (૧) ગુનાહભરી જિંદગી (૨) વારંવાર છૂટક છૂટક વાતો પર ગુસ્સે થવું.

ઈન્સાન ગુનાહથી તૌબા કરી લે અને મનોમન નક્કી કરી લે કે ગુસ્સો નહીં કરૂં તો તેના જીવનમાં પરિવર્તન જરૂર આવશે. પણ આ કરે કોણ? ચારે બાજુ ઘેરાયેલી પરિસ્થિતિમાંથી તેને કોણ બહાર કાઢશે?

આપણી અસલી બિમારી ગુનાહના કૃત્યો છોડવાની છે. તૌબા એ બિમારીનો ઈલાજ છે. તૌબા એ વાતની ખાત્રી છે કે તે હવે તે કૃત્યો નહીં કરે. હરામની કમાણી જિંદગીનું સુકૂન છીનવી લે છે. આપણાં અંતરાત્મામાં ડોકિયું કરીએ, રૂહાની-જીસ્માની બિમારીઓ દૂર કરવા પ્રયત્ન કરીએ. તેથી અલ્લાહની રઝા અને રહેમત પ્રાપ્ત થશે. ખરાબ આદતોને તિલાંજલી આપીએ, નેક અને સારી આદતો પૈદા કરીએ. આ માટે જરૂરી છે કે ભૂતકાળમાં જે કાંઈ પણ થઈ ગયું તે માટે તૌબા કરી લઈએ. અલ્લાહની રેહમતથી કદી નાઉમ્મીદ ન થઈએ. તમારા નસીબમાં જેટલી રોઝી લખેલી છે હર હાલમાં આપને મળી જ રહેશે, તેની ચિંતા છોડી અલ્લાહ અને તેના રસૂલ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ને ખુશ કરવા માટે પ્રયત્નો શરૂ કરી દો, જેથી બન્ને જહાનની કામીયાબી હાંસિલ થઈ શકે.

ગુનાહ કરવાથી ઈન્સાની ફિતરતનો કાનૂન છે કે તેની રૂહાનિયત ખતમ થઈ જાય છે. જેમ કોઈ બિમાર માણસ ત્યારે જ બિમાર પડે છે, જયારે તે પોતાની તબિયતની હિફાઝત કરવામાં નિષ્ફળ જાય છે. તેજ રીતે નફસને પાક-સાફ ન રાખનાર વ્યક્તિ ગુનાહોનો મરીઝ બની જાય છે. તેનો ઈલાજ કરવો પણ દીનના ફર્ઝોમાં સમ્મીલીત છે.

પોતાના જઝબાની સખ્તી એટલે લાગણીનો આવેશ-ઉભરો જેને જાહેર કરવાનું માધ્યમ તે જ ગુસ્સો. ગુસ્સો કરવો હરામ છે. ગુસ્સો કરવો એ કાબૂ બહારની વાત છે. દરેક ઈન્સાનમાં તે કુદરતી રીતે હાજર હોય છે. તેનાથી ઘણાં નુકશાન થતાં જોઈએ છીએ. છતાં અમુક સમયે ગુસ્સો-જોશનો ઉભરો જરૂરી પણ હોય છે. દા.ત. લડાઈમાં સૈનિકોમાં જુસ્સો-ગુસ્સો-જોશ નહિ હોય તો તે લડાઈ હારી જશે. આમ અમુક મૌકા સિવાય ગુસ્સો કરવો જાઈઝ નથી. ગુસ્સો કરવાથી ઈન્સાન પોતાના દિમાગ પરથી કન્ટ્રોલ ગુમાવી દે છે, તે તેના માન-સન્માનને કોરાણે મૂકી ગાળો આપે, તોડફોડ કરે અને સામેવાળી વ્યક્તિનું ઢીમ પણ ઢાળી દે છે. ગુસ્સો ઉતરી ગયા પછી તો પસ્તાવાનો કોઈ પાર નથી રહેતો. ગુસ્સાની હાલતમાં થયેલ નાજાઈઝ કામોથી કયામતના દિવસે અલ્લાહના ગઝબનો સામનો કરવો પડશે!!! ગુસ્સાથી તબાહી જ નિશ્ચિત છે.

શૈતાન ઈન્સાનને ભટકાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. શૈતાનને એક બુર્ઝુગાને દીને પ્રશ્ન કર્યો કે "તું ઈન્સાનને કેવી રીતે બહેકાવે છે?" તો શૈતાને જણાવ્યું કે, "મારી પાસે ઈન્સાનને ભટકાવવા માટે ત્રણ (૩) જાળ બિછાવું છું (૧) કંજૂસાઈ (૨) ગુસ્સો (૩) નશો. આ ત્રણ હથિયારથી સારા-સારાને ભટકાવી દઉં છું." પ્રથમ હથિયાર કંજૂસી-બખીલીથી તેના ઉપર જાળ ફેંકુ છું. માલો-દૌલતની જાળમાં તેના મગજમાં એવા વિચારો ભરી દઉં છું કે તે ધન-દૌલતને પ્યાર કરતો થઈ જાય છે. સારા રસ્તે તે પૈસા વાપરી શકતો નથી. માલનો સંગ્રહ કરતો થઈ જશે. ખૈરાત કરવાથી માલ ઘટી જશે તેવું તેના મગજમાં બેસાડી દઉં છું. તેના પૈસા નેક કામ-ગરીબો-યતિમો-બેવાઓ ઉપર નથી કરી શકતો. ધન સંચય કરવામાં જ પડી જાય છે. માયાની મોહજાળમાં ફસાઈ જતાં તે 'કંજૂસ' બની જાય છે. તેને 'ઝકાત' કાઢવામાં પણ તકલીફ થાય છે. આમ તેનો માલ તેની વબાલે જાં બની જાય છે. ઈમાની દૌલત પણ બરબાદ થઈ જાય છે.

ઈન્સાન ગુસ્સામાં હોય છે ત્યારે હું તેની રગેરગમાં પ્રવેશી જાઉં છું. તેને ફૂટબોલની જેમ જયાં-ત્યાં ફંગોળી શકું છું. ગુસ્સાવાળા માણસને પછી તે આલીમે દીન હોય, તેને મોઢેથી ગાળો બોલતો અને હાથાપાઈ કરતો કરી દઉં છું. મુખેથી એવા બોલ બોલી જાય છે કે તેની આખેરત બગાડી દઉં છું, કોર્ટ-કચેરીના લફડામાં ઉલઝાવી તેમને બરબાદ કરી દઉં છું. ત્રીજું શસ્ત્ર એ નશો છે. એને એવી લત લગાડી દઉં છું કે તે મારા ગુલામની જેમ દારૂડિયા-નશેડી-ગુટકા-જુગાર-બળાત્કાર વિગેરે જધન્ય ગુનાહના આદી બનાવી બકરી-ગાયને જેમ દોરી

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

જાઉ છું. અલ્લાહ આવી શૈતાની હરકતોથી આપણાં સૌની હિફાઝત ફરમાવે, આમીન.

ગુસ્સો અને ગુનાહથી બચવા માટે ઈન્સાન જો કુદરતની શરણમાં આવી જાય તો તેની જિંદગીના બાકીના દિવસો ખૈરો-બરકત અને અમાનથી ગુજરી જશે.

ગુસ્સો આવે તો ઉભા હોવ તો બેસી જાવ, બેઠા હોવ તો સૂઈ જાવ યા ગુસ્સા વખતે વઝુ કરી લેશો તો ગુસ્સો ઉતરી જશે. જે વ્યક્તિ પર ગુસ્સો આવ્યો હોય તેની સામેથી હટી જાવ તો પણ ગુસ્સો ઉતરી જશે.

અલ્લાહની રહેમતના દરવાજા પર દસ્તક આપો, તૌબા કરી પંઝગાના નમાઝ પઢશો તો ગુનાહ માફ થઈ જશે. ''અલા બે ઝિક્રીલ્લાહે તતમેહૂલ કોલુબ'' - ''અલ્લાહના ઝિક્રમાં દિલનું સુકૂન છે.'' દિલના સુકૂન માટે કેટલો સરળ અને સુંદર ઉપચાર. દિલના સુકૂન માટે લોકો ગીત-સંગીત-સિનેમા-જુગાર-મનોરંજનના અગણિત ઉપાયો કરે છે. પણ સુકૂન મળતું નથી બલ્કે તેવા ગંદા પ્રયોગો પછી પણ તેમના દિલમાં વધુને વધુ બેચૈની-ગભરાહટ વધતી જાય છે. જયારે ઈન્સાન અલ્લાહની શરણમાં પહોંચી ઈબાદતે ઈલાહીમાં ગરકાવ થઈ જતાં સુકૂન પ્રાપ્ત થઈ જાય છે. ભાઈઓ-બહેનોને વિનંતી કે પંજગાના નમાઝી બની જાવ. રોજાના ૩૧૩ દરૂદ શરીફ પઢવાની ટેવ અખત્યાર કરી લો. જિંદગીમાં ખુશહાલી આવી જશે. શૈતાની વસવસા બંધ થઈ જશે.

કોઈના ઘરે વારંવાર જવાથી આપણી ઈઝઝત ઘટી જાય છે. પરંતુ દુનિયાનું એકમાત્ર ઘર (મસ્જિદ) એવું છે કે જયાં વારંવાર જવાથી આપણી ઈઝઝતમાં વધારો થાય છે. નમાઝ પઢવાની આદત પાડો.

શૈતાનની છ (૬) કમજોરીઓ જાણીએ અને તેના ઉપર અમલ કરીએ તો શૈતાન વધુને વધુ નબળો પડતો જાય છે.

સરકારે મદીના સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમને શૈતાને પોતાની નબળાઈઓ જણાવી તે નીચે મુજબ છે. ગુસ્સો/ગુનાહથી બચતા રહેશો.

(૧) લોકો આપસમાં મળે છે તો એકબીજાને સલામ કરે છે. સલામનો જવાબ આપે છે.

(૨) લોકો આપસમાં મળે છે તો મુસાફઅ કરે છે.

(૩) કોઈપણ કામ શરૂ કરતાં પહેલાં ''ઈન્શાઅલ્લાહ'' કહે છે.

(૪) ગુનાહ થઈ જતાં લોકો ''તૌબા'' કરી લે છે.

(૫) આપનું નામ સાંભળી આપની ઉપર દરૂદ શરીફ પઢે છે.

(૬) લોકો કોઈપણ કામ શરૂ કરતાં પહેલાં ''બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ'' પઢે છે.

અલ્લાહના પ્યારા રસૂલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પર દરૂદ પઢતા રહો. નીચેનું દરૂદ શરીફ પઢવાથી ૭૦ રહેમતના દરવાજા ખોલી દેવામાં આવે છે. (કવલુલ બદીઅ).

''સલ્લલાહુ અલા મુહમ્મદિન'' (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)

## દરૂદ અને દુઆ

યા રસુલુલ્લાહ ઉનઝુર હાલના,<br>
યા હબિબલ્લાહિ ઈસ્માઅ કાલના,<br>
ઈન્નની ફી બહરરિહમ્મીમ મુગરક,<br>
ખુઝયદી સહિલ્લના ઈસ્કાલના.

અર્થાતઃ અય અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) અમારા હાલ પર નઝર ફરમાવો, અય અલ્લાહના હબીબ અમારી ફરિયાદ સાંભળો, હું ગુનાહના સમંદરમાં ગળાડૂબ છું, મારો હાથ પકડો અને મુશ્કીલાતો દૂર કરી દો, આમીન.





Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786 www.maplestar.ae Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679
ميبل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.
Dubai : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • Sharjah : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)
IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

# કેનેડામાં ગુલામી પ્રથા?

રજૂઆતઃ ફિરોજ ખાન, ટોરંટો (કેનેડા)

કેનેડામાં વૃધ્ધ લોકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. મોટાભાગના લોકો નિવૃત થઇ રહયા છે. કેનેડાના ઉદ્યોગો અને ખેતરોમાં કામ કરતાં લોકોની સંખ્યા ઘટી રહી છે. કેનેડા માટે દેશના અર્થતંત્રને જાળવવા અને વૃધ્ધિ કરવા માટે પ્રશિક્ષિત કામદારોને આકર્ષવા જરૂરી છે. સત્તામાં ગમે તે પક્ષ આવે, આ લક્ષ્ય માટે નીતિ બનાવીને તેનો અમલ કરવો જરૂરી છે.

આ બાબતને ધ્યાનમાં રાખી કેનેડા સરકારે ટેમ્પરરી ફોરેન વર્ક પરમિટ નામની સ્કીમ બનાવી અને તેનો અમલ કર્યો. આ યોજના ઘણાં વર્ષોથી ચાલી રહી છે. હાં, સમયાંતરે આમાં સુધારાઓ થતાં રહે છે. આ યોજના હેઠળ, કેનેડામાં રહેતા એમ્પ્લોયરોને વિદેશી દેશોના લોકોની ભરતી કરવાની પરવાનગી આપવામાં આવી છે. એમ્પ્લોયરો બે વર્ષના સમયગાળા માટે બહારના દેશોમાંથી કામદારોને રાખી શકે છે.

આ સારા હેતૂવાળી યોજનાના લાભાર્થીઓ બે મોટા ઉદ્યોગો છે - કૃષિ હો હોટલ ઉદ્યોગ. ૮૦ ટકા કામચલાઉ કામદારો આ બે ઉદ્યોગોમાં કામ કરે છે. પરંતુ કેટલાંક લોકોએ આ યોજનાને બદનામ કરી નાખી. આ યોજના હેઠળ મંગાવવામાં આવેલા કામચલાઉ લોકોના પાસપોર્ટ તેમના માલિકો પાસે છે. આ કર્મચારીઓને બે વર્ષ સુધીની વર્ક પરમિટ આપવામાં આવે છે અને તે સમયગાળા દરમિયાન તેઓ તેમના એમ્પ્લોયરને છોડી શકતા નથી. આવા કર્મચારીઓને યોગ્ય પગાર ન આપવો, તેમને સમયસર પગાર ન આપવો, તેમને તબીબી સુવિધા ન આપવી, તેમને યોગ્ય રહેઠાણની સુવિધા ન આપવી વગેરે જેવી ફરિયાદો છેલ્લા ઘણાં સમયથી મીડિયામાં પ્રસિધ્ધ થઇ રહી છે. પરંતુ સરકાર આ બાબતોની અવગણના કરી રહી છે. સાઉદી અરબ કે ખાડીના દેશોની યાદ આવે છે?

જો કોઇ કર્મચારી તેના એમ્પ્લોયરથી કંટાળી ગયો હોય અને એમ્પ્લોયર બદલવા માંગતો હોય, તો તે તેમ કરી શકતો નથી. જો કોઇ પીડિત કર્મચારી તેના એમ્પ્લોયરની નોકરી છોડવા માંગે તો તે છોડી શકે છે, પરંતુ તેમ કર્યા પછી તેણે તેના દેશમાં પાછા જવું પડે છે. કારણ કે આ સ્કીમ એમ્પ્લોયર ઓરિએન્ટેડ છે, એમ્પ્લોયરની ઇચ્છા મુજબ જ કર્મચારી અહીં રહી શકે છે.

હંગામી કર્મચારીઓની હેરાનગતિની વાતો વધી રહી છે. ઘણાં લોકો કહી રહયા છે કે સારા ઇરાદા સાથે શરૂ કરવામાં આવેલી આ યોજના દ્વારા ઘણાં માલિકો ગુલામીની પ્રથા અપનાવી રહયા છે. કેનેડાનું બંધારણ ગુલામી અથવા ગુલામીની પ્રથાને ગુનો બનાવે છે. પરંતુ આ અપરાધ દિવસે દિવસે કરવામાં આવી રહયો છે અને સરકારો ચૂપચાપ આ નાટક જોઇ રહી છે. એલ. એમ. આઇ. એ દ્વારા અપાતી વર્ક પરમિટ્સ મોટાભાગે આવી જ હોય છે.

કેનેડાના હોટલ ઉદ્યોગમાં, આ યોજના હેઠળ કામચલાઉ કર્મચારીઓની સંખ્યામાં ૨૦૧૬ થી ૨૦૨૩ સુધીમાં ચાર હજાર ટકાનો વધારો થયો છે! ૨૦૨૨માં નોકરીદાતાઓને આ ઉદ્યોગમાં ૪,૪૭૮ લોકોની ભરતી કરવાની પરવાનગી આપવામાં આવી હતી. ૨૦૨૩માં તે વધીને ૮,૩૨૩ થઇ. રોજગાર અને સામાજિક વિકાસ કેનેડાના આંકડા અનુસાર ૨૦૨૩માં જ ૨,૪૦,૦૦૦ કામચલાઉ વર્ક પરમિટ આપવામાં આવી હતી.

આવા મોટાભાગના હંગામી કર્મચારીઓ હોટલ, રેસ્ટોરન્ટ અને એગ્રીકલ્ચરમાં ભરતી કરવામાં આવે છે. ભારતના ઘણાં એજન્ટો આ યોજના હેઠળ લાખો રૂપિયા લઇને લોકોને અહીં મોકલી રહયા છે. એલ.એમ.આઇ. એ દ્વારા અપાતી વર્ક પરમિટો મોટાભાગે આવી જ હોય છે. અને કેનેડા આવવાના લોભમાં લોકો એજન્ટોને આટલા પૈસા આપી રહયા છે. અહીં આવ્યા પછી જ તેમને ખબર પડે છે કે તેમની સાથે છેતરપીંડી થઇ છે. એ બધાની હાલત ધોબીના કૂતરા જેવી થઇ જાય છે, ન ઘરના, ન ઘાટના. હવે તો વિશ્વ મહા સંઘે પણ આ પ્રકારની ગુલામીને ધ્યાનમાં લીધી છે. તેમણે આ યોજના હેઠળ કેનેડામાં થઇ રહેલી ગુલામીની પણ ટીકા કરી છે.

વિદેશી કામચલાઉ વર્ક પરમિટ ઇમિગ્રેશન મંત્રાલય દ્વારા જારી કરવામાં આવે છે. પરંતુ કર્મચારીઓની ફરિયાદો પર ધ્યાન આપવાની જવાબદારી શ્રમ મંત્રાલયની છે. આ બંને મંત્રાલયોમાં સંકલન નથી.

અન્ય માનવતાવાદી સંગઠનોની જેમ જ આ લેખના લેખક આ મુદ્દો કેનેડાની સરકાર અને રાજ્ય સરકારો જોડે આ મુદ્દો સમયાંતરે ઉઠાવતા રહે છે. દરમ્યાન ભારતથી કેનેડા કહેવાતી વર્ક પરમિટ પર આવતા લોકો આ બાબત ધ્યાનમાં લે એ વિનંતી.

CSC HDFC BANK BAJAJ Allianz ICICI Lombard Nibhaye Vaade
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

# બદ-મઝહબથી દૂર રહેવાના લાભ

**મીનજાનીબઃ જમાત રઝા-એ-મુસ્તફા (ધોરાજી)**

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદીઅલ્લાહુ ત્આલા અન્હુ)થી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એ ફરમાવ્યું, જેણે બદ-મઝહબથી અદાવતના કારણે પોતાનું મોઢું બીજી તરફ ફેરવી લીધું તો અલ્લાહ ત્આલા તેના દિલને અમન અને ઈમાનથી ભરી દેશે અને જેણે કોઈને બદ-મઝહબ પાસે જવાથી રોકી લીધો અલ્લાહ ત્આલા તેને કયામતના દિવસે મોટી ગભરાહટથી સુરક્ષિત રાખશે અને જેણે કોઈ બદ-મઝહબને સલામ કરી, તેની સાથે ખુશીથી મળ્યો અને ખુશીની સાથે તેનું સ્વાગત કર્યું તો તેણે એ ચીજની તૌહીન અને બેઈઝ્ઝતી કરી, જે અલ્લાહ ત્આલાએ (હઝરત) મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પર ઉતાર્યુ છે. (હીલ્યતુલ ઔલિયા - ૮/૧૯૯)

એક રિવાયત આ પ્રમાણે છે, જેણે કોઈ બદ-મઝહબને ઠપકો આપ્યો તેણે અલ્લાહ ત્આલા મોટી ગભરાહટથી સુરક્ષિત રાખશે, અને જેણે કોઈ બદ-મઝહબને બે-ઈઝ્ઝત કર્યો તેના અલ્લાહ ત્આલા સો (૧૦૦) દરજ્જા બુલંદ કરશે. (અસ્સવાઇ કુલ મુહર્રિકા - ૨૫૦)

તદ્ઉપરાંત એક રિવાયતમાં આ પ્રમાણે આવ્યું છે, જેણે કોઈ બદ-મઝહબની બે-ઈઝ્ઝતી કરી અલ્લાહ ત્આલા જન્નતમાં તેનો દરજ્જો બુલંદ ફરમાવી દેશે. (હીલ્યતુલ ઔલિયા - ૮/૨૦૭)

હઝરત અબ્બાસ (રદીઅલ્લાહુ ત્આલા અન્હુ)થી રિવાયત છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એ ફરમાવ્યું, અલ્લાહ ત્આલા બદ-મઝહબનો કોઈ અમલ કબૂલ નથી ફરમાવતો ત્યાં સુધી કે બદ-મઝહબી છોડી દે. (અસ્સવાઇ કુલ મુહર્રિકા - ૨૫૦)

હઝરત અબુહુરૈરહ (રદીઅલ્લાહુ ત્આલા અન્હુ)થી રિવાયત છે કે હુઝૂર નબીયે કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એ ફરમાવ્યું, આખરી ઝમાનામાં જુઠા દજ્જાલ થશે જે તમારી સમક્ષ તે હદીષો લાવશે જે ન તમે સાંભળી હશે, ન તમારા બાપ-દાદાઓએ, તેમને પોતાનાથી અને પોતાને તેમનાથી દૂર રાખો, તેઓ તમને ગૂમરાહ ન કરી દે, ફિત્નામાં ન નાખી દે. (સહીહ મુસ્લિમ, મુકદ્દમા - ૫.૫૬)

મારા પ્યારા ભોળા સુન્ની ભાઈઓ! વિચારો કે આપણાં પ્યારા નબીયે કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) એ પોતાની ઝબાને હકક તર્જુમાનથી બદ-મઝહબની કેટલી નિંદા ફરમાવી કે આવા લોકો પાસે જવાને અને તેમને ઈઝ્ઝત કરવાને ઈસ્લામને તોડી પાડવા સમાન અને તેમને સલામ કરવા અથવા ખુશીથી મળવા કે તેમનું સ્વાગત કરવાને દિનની તૌહીન ઠરાવી. જયારે કે બદ-મઝહબોથી મોઢું ફેરવવાને અલ્લાહ ત્આલાના અમાનની ખુશખબરી અને તેમને ઠપકો આપનાર (બેઈઝ્ઝત કરનાર)ને જન્નતમાં દરજ્જાઓની બુલંદીની બશારત આપી. અને એ પણ નિર્દેશ ફરમાવ્યો કે જયારે તેમના પોતાના અમલો કબૂલ નથી થતાં તો તેમની પાસે જવાવાળાઓ, તેમના લખાણ વાંચનારાઓ અને તકરીર સાંભળનારાઓને શો ફાયદો થશે??

અંતિમ વર્ણન થયેલ હદિષમાં તો સ્પષ્ટ ફરમાવી દીધું છે કે તમારી પાસે એવી હદિષો અને દિનની વાતો લાવશે જે ન તમે સાંભળી હશે, ન તમારા બાપ-દાદાઓ એ. પાછલી અમુક સદીઓમાં બાતિલ ફિરકાઓ અને બદ-મઝહબો એ ઈસ્લામમાં ઘણા બધા નવા અકીદા અને માન્યતાઓ ઉપજાવીને સાદીકો મસ્દુક હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની આ ગૈબી ખબર પર સત્ય હોવાનો મહોર લગાડી દીધો. અલ્લાહ ત્આલા તેમના પ્રપંચ અને તેમના બાતિલ અકીદાઓના ધોકા (ફરેબ)થી સૌને બચાવે, આમીન.

કિલ્ક-એ રઝા હૈ ખંજરએ ખૂં-ખ્વાર બરક બાર
આ'દા સે કેહદો ખૈર મનાયેં ના શર કરેન
(આલા હઝરત ઈમામ એહમદ રઝા)

**મલ્ટીકલર ઓફસેટ મુદ્રિત ''ટાઈમ્સ ઓફ ખત્રી''ને સજીવન રાખવા આપના દરેક સુખ, દુઃખના પ્રસંગે 'ટાઈમ્સ ઓફ ખત્રી'ને હંમેશા યાદ રાખો અને આપનું ડોનેશન તુરંત મોકલશો..**
**સમાચાર-લેખન-કૃતિઓ મોકલવા માટેઃ E-mail: timesofkhatri@gmail.com**

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

અનુસંધાન પાના નં. ૧નું ચાલુ...

શાળાઓની માહિતી જ કઢાવવાનું ભૂલી ગયા. અને હા, પાછા દેકારા તો ચાલુ જ હોય કે અંગ્રેજી માધ્યમની શાળાઓની ફી ખૂબ જ વધારે હોય છે. એક્સ્ટ્રા એક્ટિવીટીના નામે કે પછી બીજા ત્રીજા બહાને પૈસા પડાવ્યા જ રાખે છે. પાછા કહે કે સરકાર આના માટે કંઇ કરતી નથી. જાણે, સરકારે જ એમના બાળકોને અંગ્રેજી માધ્યમમાં મૂકવાનો આદેશ ન આપ્યો હોય! નિર્ણયો પોતાના અને દોષારોપણ સરકાર પર! અરે, તમને જે હાઇફાઇ સુવિધાઓ, ઇન્ટરનેશનલ માહોલ અને બધી જ સગવડો જોઇતી હોય, પોતાના બાળકને પોતાની માનસિકતાને શોભે એવી હાઇપ્રોફાઇલ સ્કૂલમાં મૂકવા હોય, તો તેના પૈસા ચૂકવવા જ પડે ને. તો પછી આ બધી કાગારોળ શા માટે? સરકારે સારી સુવિધાવાળી અનુદાનિત શાળાઓ આપી જ છે, પરંતુ આપણને એની સુગ છે, તો પછી અત્તરની સુગંધ માણવાની કિંમત તો ચૂકવવી જ પડે ને!

વળી પાછુ બહેરૂં અજ્ઞાન કેવું કે માતૃભાષાની શાળામાં પહેલાથી જ અંગ્રેજી શીખવાડવામાં આવે છે તેની જાણ સુધ્ધાં નથી. અંગ્રેજી નહીં આવડે તો રેસમાંથી પાછળ પડી જશે, ભવિષ્ય બરબાદ થઇ જશે, હરિફાઇના જમાનામાં જરૂરી છે, આવા વિચાર ધરાવનારોઓને કયાં ખબર છે કે અંગ્રેજી માધ્યમના મોટા ભાગના વિદ્યાર્થીઓની નાવ અધવચ્ચે આવીને થાકી જાય છે કાં તો વિદ્યાર્થી સમય સાથે દોડી નથી શકતો, કાં તો પછી મા-બાપની પૈસાની થેલી ખાલી થતી જાય છે. અને હાં, જરૂરી નથી કે બધા સફળ થવાના જ. પછી એક બાળકને શાળામાંથી બીજી શાળામાં ચલકચલાણી રમાડવાની, નાસીપાસ થઇ જાય તો ગુસ્સો બાળક પર કાઢવાનો. જાણે બાળકે જ ન કહ્યું હોય કે મને અંગ્રેજી માધ્યમમાં ભણાવજો, માતૃભાષા માધ્યમની શાળામાં નહીં. નિર્ણયો મા-બાપના અને બકરો બાળક બને!

આજના વાલીઓને માહિતી જ નથી કે આજની માતૃભાષાની દરેક શાળામાં પહેલેથી જ અંગ્રેજી શીખવાડવામાં આવે છે અને ઘણી શાળાના સંચાલકોએ તો સ્પોકન ઇંગ્લીશ માટે વધારાના નિષ્ણાંત શિક્ષકો પણ નિયુકત કર્યા છે. જો કે એક ભાષાને સારી રીતે શીખવી સહેલી છે કે પછી માતૃભાષા વગર બધા જ વિષયો પરભાષામાં ગોખણપટ્ટી કરી સમજ્યા વગર શીખવા? સમાજમાં આ જાગૃતિ લાવવાની જરૂર છે કે આજે અંગ્રેજી જરૂરિયાત છે એની ના નહીં પણ કેટલી? અંગ્રેજી સર્વસ્વ તો નથી જ. તેની જેટલી જરૂરીયાત છે તેટલી શીખી લેવાય તો જીવન સરળ, બાળપણ સુંદર અને ભણતર આસાન બને.

આજના સમયમાં કોઇને ચાઇનીઝ, જાપાનીઝ કે રશિયનને અંગ્રેજી બરાબર આવડતું ન હોય તો આપણને નવાઇ ન લાગે પણ એક ભારતિયને જો અંગ્રેજી ન આવડે તો જાણે પહાડ તૂટી પડયો હોય, કોઇ મોટી ભૂલ થઇ ગઇ હોય તેવો આભાસ આપણે જ આપણા બાળકોને કરાવતા હોઇએ છીએ. આ એક ગુલામીની માનસિકતા દર્શાવે છે. જો માતૃભાષા કે રાષ્ટ્રભાષા હિન્દી ન આવડે તો શરમ આવવી જોઇએ, પણ આપણા મૂળથી જુદી હોય એવી વિદેશની ભાષા ન આવડવાથી આટલી શરમ આવે તો તે દરિદ્ર માનસિકતા છે. આપણા મૂળ-સાંસ્કૃતિક-ભૌગોલિક વાતાવરણથી જુદી ભાષાને શીખતા સમય લાગે. બાળકને એ સમય આપવો જ જોઇએ. વૈશ્વિકતા માટે એ શીખવી જ જોઇએ. પણ એ બાળકના સાંસ્કૃતિક ઘડતરમાં પ્રાથમિક મુદ્દાઓને બદલે એના શૈક્ષણિક ઘડતરના બીજા ત્રીજા તબક્કે શીખવવામાં આવવી જોઇએ. આખું શૈક્ષણિક કે સાંસ્કૃતિક ઘડતર એ એક ભાષા (અંગ્રેજી)ને કેન્દ્રમાં રાખીને કરવાની વાત તો નદીમાં તરતી હોડીમાં ભરાયેલા પાણીને બહાર કાઢવા એ હોડીમાં વધારાના કાણા પાડવા જેવી બેવકૂફી ભરેલી છે.

અમુક વાલીઓની એવી દલીલ હોય છે કે માતૃભાષાની શાળાઓમાં આર્થિક રીતે નબળા પરિવારના જ બાળકો આવે છે. તેઓની સાથે રહીને અમારા બાળકો પણ બગડી જાય, આ વાલીઓને જણાવવાનું કે અમારી નજરમાં બાળક તો બાળક જ હોય છે. તેને તેના ઘરની પરિસ્થિતિ સાથે મૂલવવો ખોટો દ્રષ્ટિકોણ છે. બીજી વાત એ કે ઘણી શાળાઓમાં જયારે વર્ગમાં જઇએ ત્યારે કયુ બાળક ગરીબ પરિવારનું છે કે કયુ અમીર પરિવારનું, તે કહેવું મુશ્કેલ હોય છે. એટલે જો બાળક વ્યવસ્થિત તૈયાર થઇને આવે, શિસ્તબધ્ધ રહેતું હોય તો ગરીબ અમીરનો ભેદ કયાં રહયો? ઉલટું આ જ બાળકો એટલા પ્રેમાળ હોય છે કે જેઓને સુખ સુવિધા નથી મળી અને તેઓ માટે જો થોડુ કંઇક કરીએ તો તેઓ કૃતજ્ઞ થઇ જાય છે. બાકી વધારે ફી ભરવાવાળી શાળામાં પણ સારા સંસ્કારવાળા બાળકો આવે છે તેની ખાતરી કયાં હોય છે? આ બાબત તો આપણે આપણા સંસ્કારો પર કેટલો વિશ્વાસ છે તેના પર નિર્ભર છે. એક બહેને તો કહયું હતું કે મારે તો મારી દીકરીને એકદમ જોરદાર બનાવવી છે કારણ કે આજના માહોલમાં બાળકો જો ઢીલાપોચા હોય તો તેની આજુબાજુનો માહોલ તેને ખાઇ જાય. હું તો એને જેવા સાથે તેવા થઇને ઇંટનો જવાબ પથ્થરથી દેવાનું એમ જ શીખવીશ. આ કેટલા દબાયેલા-ગભરાયેલા વાલીઓ છે. આજના માહોલથી, વાતાવરણથી, વિચારોથી, છતાં પણ એ જ માહોલમાં બાળકને ખોટું શીખવીને પણ રાખવાનો મોહ છૂટતો નથી. ખરાબ છે ખબર છે છતાં તેને છોડીને સારા માહોલમાં ઓછી સગવડવાળી શાળામાં મૂકવાની વાત વિચારવાને બદલે પોતાના સારા સંસ્કારોને નેવે મૂકીને પણ લડવું છે!

Since 1945
જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઇશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

## Resources


1. How to Return Beauty and Clear Vision Back to Your Eyes: Exercises, Eye Ailments, etc. by Jane Kabarguina: http://www.snezha.com/
2. Article: Computer Ergonomics: How to Protect Yourself from Strain and Pain https://www.uhs.umich.edu/computerergonomics
3. Video: Eye Exercises by Brightside: https://youtu.be/QQ3ki1dCcnw
4. Video: Eye Exercises Videos based on Yoga practice: https://youtu.be/U8ebSpLAO0U
5. The Age-Related Eye Disease Study (AREDS) and AREDS2 are major clinical trials sponsored by the National Eye Institute: https://www.nei.nih.gov/research/clinical-trials/age-related-eye-disease-studies-aredsareds2
6. Monitor Ergonomics – A Checklist https://www.viewsonic.com/library/business/monitor-ergonomics-checklist/



## About the Author



*Max Haroon is a social entrepreneur, a holistic health advocate, and an author. He has hosted hundreds of events for many not-for-profit organizations, he founded, over the last 25 years. He has authored seven books in the Life Learning Series including 7 Steps to Dental Health www.7stepsdentalhealth.com*. The books are based on his life lessons learned in a heuristic way in conjunction with subject experts.

*Max has culminated his passion for holistic health and natural medicine by establishing the Healthy Aging Foundation (HAF), which will bring educational events by practitioners of various health modalities. Sign-up to attend LIFE-Talks at www.healthyaging.foundation*

## About the Book




***7 Steps to Reboot Your Well-Being: AHolistic Health Guide for the Crucial Period in Your Life.*** *It outlines seven causes of all sickness and seven strategies to heal you. The healthy Aging part of the book outlines Imperatives to Aging, bio-hacks and tips for the crucial period in your life.*

*Part three discusses various chronic diseases as dealt with by different treatment modalities besides conventional medicine.*

## About the Healthy Aging Foundation

The Healthy Aging Foundation (HAF) is a not-for-profit educational organization of collaborative kindred spirits that empowers aging by sharing our cumulative knowledge and wisdom.

There is a great deal of research and science available in the area of Healthy Aging, the purpose of HAF is to bring the knowledge at the local and personal level through discussions and publications.

---

Max Haroon, Healthy Aging Foundation contact@maxharoon.org © 2024

Download this article at:
https://drive.google.com/file/d/1mQH37x7dAVcDEJR9nLYYaNjiQBfWcEVH/view?usp=sharing

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

Dhada Hospital
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
City General Hospital
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 | Times of Khatri September-2024 | Postal Regd. No. Rajkot/707/2024-2026

If undelivered please return to:

ટાઈમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## ઉન્નતી કે સિતારે

જેતપુરના રહીશ જનાબ ઈમ્તિયાઝ અ.રશીદ ગિરાચની પુત્રી **ફીરદૌસબાનુ** એ Tijer ઇન્ટરનેશનલ જર્નલમાં તેણીનું સંશોધન પત્ર પ્રકાશિત કર્યું. આ સંશોધન યુવા વયસ્કોમાં મોબાઇલ ફોનની લત અને ઊંઘની ગુણવત્તા પર જોડાયેલું હતું. મુબારકબાદ....

પોરબંદરના રહીશ જનાબ અબ્દુલ મજીદ ગિરાચની પુત્રી **મેહરીન** એ જેસીઆઇ પોરબંદર પ્લસ લેડી વિંગ (મહેંદી સ્પર્ધા) ૨૦૨૪ની પ્રથમ વિજેતા બની છે. મુબારકબાદ....

## રૂખ્શતે જહાં

રાજકોટના રહીશ અબ્દુલરઝાક જુસબ ડોર તા. ૨૮-૦૭-૨૦૨૪ના રોજ ખુદાની રહેમતે પહોંચેલ છે. અલ્લાહ પાક મર્હુમને જન્નતતુલ ફીરદૌસમાં આલા મકામ અતા ફરમાવે, આમીન.

રેહાના આરીફ ધડા (જામનગર જમાતના સેક્રેટરીના બહેન)નું ઇન્તેકાલ થયેલ છે. ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઊન.

## લવાજમ

(૧) નિશાત મામદ ખત્રી-ગાંધીધામ (૨) અ.રઝાક જી. ખત્રી-મુંબઇ તરફથી ૧ વર્ષનું ટાઇમ્સ ઓફ ખત્રીનું લવાજમ મળેલ છે.

## મુસ્લિમ ખત્રી કૌમનું ગૌરવ

મુંદ્રા નિવાસી મોહંમદ તાહા મુનીર ખત્રી અત્યારે સાર્વજનિક યુનિવર્સિટી-સુરતની આર્કિટેક ફેકલ્ટીમાં ચોથા વર્ષમાં બી.આર્કિટેક્ટનો અભ્યાસ કરે છે. ત્રીજા વર્ષના છઠ્ઠા સેમેસ્ટર ૨૦૨૩-૨૪માં તેણે નેશનલ લેવલે બે સિધ્ધિ હાંસલ કરેલ છે. જેની વિગત ટૂંકમાં નીચે મુજબ છે.

(૧) નેશનલ લેવલ દિલ્હીમાં સીનિયર આર્કિટેક્ટની એક સંસ્થા છે. જેનું નામ 'ગ્રીન રેટીંગ ફોર ઇન્ટિગ્રેટેડ હેબીટેડ એસેસમેન્ટ' ટૂંકમાં 'ગ્રીહા'. જે દર વર્ષે સ્ટુડન્ટ આર્કિટેક એ બનાવેલ પ્રોજેક્ટ માટે ભારતભરની લગભગ ૩૦૦ આર્કિટેક્ટની કોલેજો પાસેથી કોલેજ દીઠ એક પ્રોજેક્ટ માંગે છે. તે અનુસંધાને સાર્વજનિક યુનિવર્સિટી-સુરતની ફેકલ્ટી ઓફ આર્કિટેક એ પોતાના સ્ટુડન્ટ પાસેથી પ્રોજેક્ટ માંગ્યો હતો. તેમાં ૭૦ વિદ્યાર્થીઓ એ પ્રોજેક્ટ સબમીટ કરેલ. તેમાંથી કોલેજના પ્રિન્સીપાલ તથા આર્કિટેક્ટ પ્રોફેસરોની ટીમે મોહંમદ તાહા એ બનાવેલ પ્રોજેક્ટ પસંદ કરેલ હતો અને તેને સબમીટ કરવા માટે પણ કોલેજ તરફથી મોહંમદ તાહાને દિલ્હી મોકલવામાં આવેલ. ઉપરોકત પ્રોજેક્ટમાં દિલ્હીની સીનીયર આર્કિટેક્ટની સંસ્થા ગ્રીહાએ મોહંમદ તાહાના પ્રોજેક્ટને પ્રથમ નંબરે પસંદ કરેલ અને તે માટે કોલેજને ટ્રોફી તથા રૂા. ૨૫૦૦૦/-નું ઇનામ આપેલ અને મોહંમદ તાહાને આ સિધ્ધિ માટે સ્પેશ્યલ મેનશનનું સર્ટિફિકેટ આપેલ છે.

(૨) સેન્ટ્રલ ગવર્નમેન્ટના મીનીસ્ટ્રી ઓફ કલ્ચર તથા મીનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન દિલ્હી દ્વારા સ્ટુડન્ટ ઓફ આર્કિટેક પાસેથી 'મુન હાઉસ' ચંદ્ર પર રહેઠાણની ડિઝાઇન બનાવવા માટે ભારતની આર્કિટેક્ટની તમામ કોલેજોને ચેલેન્જ આપેલ. તે અનુસંધાને મોહંમદ તાહા ખત્રી એ ચંદ્ર પર રહેઠાણનો પ્રોજેક્ટ બનાવીને સાદર કરેલ. તેમાં પણ તે પ્રથમ આવતા કોલેજને ટ્રોફી તથા મોહંમદ તાહાને મીનીસ્ટ્રી ઓફ કલ્ચર અને મીનીસ્ટ્રી ઓફ એજ્યુકેશનના જોઇન્ટ સેક્રેટરીઓની સહી વાળું સર્ટીફીકેટ મળેલ છે. આ બન્ને સિધ્ધિઓ મેળવનાર મોહંમદ તાહાને ખૂબ ખૂબ અભિનંદન.. જિંદગીમાં સફળતાના ઉન્નત શિખરો સર કરે તેવી પાક પરવરદિગારને દુઆ...આમીન.



Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.